| | |
|---|---|
| દાખલ થયા તા. | ૦૮/૦૬/૨૦૨૧ |
| રજુ કર્યા તા. | ૦૮/૦૬/૨૦૨૧ |
| ફેંસલ કર્યા તા. | ૨૬/૦૬/૨૦૨૨ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. :– ૬૧૨૪૫/૨૦૨૧**

ફરીયાદી :– સરકાર

વિરુધ્ધ.

આરોપી :–

(૧) ગોપાલભાઈ ધનજીભાઈ સોની ઉ.વ.૩૯
રહે.મ.નં.૩/૧જય લક્ષ્મી સોસાયટી, રતનબા સ્કુલ
સરદારચોક,કૃષ્ણનગર,અમદાવાદ

(૨) રાજેન્દ્રભાઈ પ્રકાશભાઈ પરાતે ઉ.વ.૩૦
રહે.એ/૧૨ ગજાનંદ પાર્ક પાર્શ્વનાથ કેનાલ પાસે,
કૃષ્ણનગર,અમદાવાદ

(૩) લાલુભા કિન્તુભા દરબાર ઉ.વ.૨૫
રહે.કલ્યાણ એસ્ટેટ કલ્યાણચોક
ઠકકરનગર અમદાવાદ શહેર

(૪) ભવાનસિંહ ગણપતસિંહ રાઠોડ
રહે.એફ/૨૦૩,સદ્દગુરુ સાનીધ્ય
ફલેટ,સેવનડે,સ્કુલની સામે,નિકોલ
અમદાવાદ

**ગુન્હો:–ધી જુગાર પ્રતિબંધક ધારાની કલમ– ૧૨ મુજબ.**

**ફરીયાદી તરફે : વિ. વ.શ્રી એમ.એમ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. –––––**

**જજમેન્ટ**

**(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે** આ કામના આરોપીઓએ તા. ૨૯/૦૩/૨૦૨૦ ના કલાક :૦૦.૩૦વાગે કલ્યાણચોક કલ્યાણ એરેસ્ટના ધાબા ઉપર ખુલ્લી જગ્યામાં જાહેરમાં પોતાના આર્થિક ફાયદા સારૂ પૈસા ધાનથી હરાજીતનો જુગાર

રમી રમાડી અંગજડતીના નાણા કુલ્લે નાંણા રૂ,૯,૩૮૦/ તથા દાવના નાણા કિ.રૂ.૧ ૮૭૦/- મળી કુલ્લે રોકડા  નાણા રૂ,૧૧૨૫૦/- તથા ગંજીપાના નંગ-પર કિ.મત રૂ.૦૦/૦૦ તથા મો ફોન નંગ-, કુલ્લે કિ રૂ.૧૭,૦૦૦/- મળી કુલ્લે રૂ.૨૮,૨૫૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ જે અંગેની ફરીયાદ ફરીયાદી એ કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૧૧/૨૦૨૧ થી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિકારીએ  ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩ (૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨)  આરોપીઓ ને સંમશ કાઢતાં બજી જતાં આરોપીઓ ના હાજર થયેલ આરોપીઓ ને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં ટ્રાયલ શરૂ થતાં પહેલા પોતે ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

**- કા ર ણો -**

(૩)  આરોપીઓ  સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીઓ એ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરિ રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીઓ એ  ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની  સજાની જોગવાઈ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી  તે ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો Criminal Appeal No.918 of 1990 with Criminal Misc. Application No. 2016 of 1991 In Criminal Appeal No. 918 of 1990 વંચાણે લેતાં તેમાં ઓછામાં ઓછી સજાના ગુનામાં પણ કારણોની નોંધ કરીને ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરી શકે તેવી કોર્ટને સત્તા રહેલ હોવાનું ઠરાવેલ છે, જેમાં ચર્ચા કરેલ છે કે, In the instant, case the original accused are charged with the offence punishable under Section 4 and 5 of the Act. Section 4 of the Act, for the first offence, provides minimum punishment of imprisonment for three months and fine not less than five hundred rupees, whereas, Section 5 of the Act, for the

first offence, provides minimum punishment of imprisonment for two months and fine not less than five hundred rupees. Admittedly, there is no material on record to show that the accused, herein, were arraigned as accused for similar offence or for that matter any other offence in the past. Hence, they are liable to be awarded minimum punishment, prescribed under bothe the sections. However, at the same tie, it is to be kept in mind that the accused Nos. 2 to 5 were young boys, at the time of the alleged offence, which took place as back as in the year 1990. In other words, almost 24 years have elapsed from the date of the alleged offence and by this time, they must have been settled in their respective lives. Further, the accused were arrested and presented before the Court on 04.09.1990 and on the very same day, they pleaded guilty and were imposed the punishment, as referred to in Paragraph-1, herein above. In that view of the matter, if, the matter is remanded for trial afresh, by following the ration laid down by this Court in the Judgments, as above, same would cause undue harassment and hardship not only to the accused, but their family members as well.જે ધ્યાને લઈ આરોપીઓ ને જુગાર પ્રતિબંધક ધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.આ કામે આરોપીઓ નો પ્રથમ ગુનો છે. તે જોતાં, આરોપીઓ ને કાયદામાં સુચવેલ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવેતો તેથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.આથી ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

**- હુકમ -**

(૧) આરોપીઓને ક્રિ. પ્રોસી. કોડની કલમ – ૨૫૫ (૨) તળે જુગાર પ્રતિબંધક ધારાની

કલમ– ૧૨ મુજબના ગુના ગુનામાં તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને રૂ ૧૦૦– નો (કુલ રુ.૪૦૦/–) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરેતો દિન– ૫ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવા તથા બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તા. ૨૬/૦૬/૨૦૨૨ ના રોજ માં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date. 26/06/2022**
**Place:SPECIAL SITTING AHMEDABAD**

**(MR.SANJAY BABULAL SHAH)**
**GJ-00755**
**ADDI.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**